# ગુજરાત જાહેર સેવા આયોગ

*સેક્ટર-૧૦-એ, છ-૩"પરિણામ" સર્કલ પાસે, "છ"રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦*
*ફોન નં- (૦૭૯)-૨૩૨-૫૮૯૮૦ Web Site : https://gpsc.gujarat.gov.in*

**❖ અગત્યની જાહેરાત ❖**

**નાયબ માહિતી નિયામક, વર્ગ-૧ અને સહાયક માહિતી નિયામક(સંપાદન), વર્ગ-૨, (જા.ક્ર.૪૫/૨૦૨૫-૨૬) માં મુખ્ય લેખિત પરીક્ષા માટે લાયક થયેલ ઉમેદવારો માટે**

નાયબ માહિતી નિયામક, વર્ગ-૧ અને સહાયક માહિતી નિયામક(સંપાદન), વર્ગ-૨, (જા.ક્ર.૪૫/૨૦૨૫-૨૬) ની જગ્યાઓ પર ભરતી કરવા માટે તા.૨૮/૦૩/૨૦૨૬ અને તા.૧૦/૦૫/૨૦૨૬ ના રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીનુ તા.૧૯/૦૬/૨૦૨૬ના રોજ પરિણામ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે મુજબ પ્રસ્તુત જાહેરાતમાં મુખ્ય લેખિત પરીક્ષા માટે કામચલાઉ લાયક થયેલ **કુલ-૩૬૯** ઉમેદવારોએ મુખ્ય પરીક્ષા(લેખિત) માટે "Online" અરજી કરવાની રહેશે. **ઉમેદવારો તા.૦૧/૦૭/૨૦૨૬ ના રોજ ૧૩:૦૦ કલાક થી તા.૧૮/૦૭/૨૦૨૬ ના રોજ ૨૩:૫૯ કલાક સુધી ઓનલાઇન ફોર્મ ભરી શકશે. ઉમેદવારોએ જરૂરી દસ્તાવેજો તા.૧૮/૦૭/૨૦૨૬ ના રોજ ૨૩:૫૯ કલાક સુધીમાં અપલોડ કરવાના રહેશે.** ઉમેદવારો તરફથી મળેલ અરજીપત્રકો તથા પ્રમાણપત્રો ઉકત જગ્યાઓના ભરતી નિયમો, પરીક્ષા નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબના લાયકી ધોરણની ચકાસણી કર્યા સિવાય જરૂર જણાયે ઉમેદવારોને તદ્દન કામ ચલાઉ ધોરણે મુખ્ય પરીક્ષા(લેખિત)માં પ્રવેશ આપવામાં આવશે. મુખ્ય પરીક્ષા(લેખિત)માં પ્રવેશ અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે અને આયોગના નિર્ણય સામે કોઈ પણ પત્ર વ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

***નોંધ:-*** **ઉમેદવારે સૌ પ્રથમ મુખ્ય લેખિત પરીક્ષાનું ફોર્મ ભરવાનું રહેશે અને ત્યારબાદ જ પ્રમાણપત્રો અપલોડ કરવાના રહેશે. (ઉમેદવાર મુખ્ય લેખિત પરીક્ષાનું ફોર્મ ભર્યા વગર પ્રમાણપત્રો અપલોડ કરવાનો પ્રયત્ન કરશે તો "Application not found"નો મેસેજ આવશે.) ઉમેદવારોને મુખ્ય લેખિત પરીક્ષાનું ફોર્મ ભરવા માટે અલગથી પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં.**

**♦ ઉમેદવારોએ નીચે દર્શાવેલ અગત્યની સૂચનાઓ ધ્યાને લેવી ♦**

**૧)** મુખ્ય પરીક્ષા(લેખિત) સંભવત: ગાંધીનગર/અમદાવાદ ખાતે યોજાશે. મુખ્ય લેખિત પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ હવે પછી આયોગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે.

## ૨) મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક તથા ડોક્યુમેન્ટ online અપલોડ કરવાની રીત :

૧. મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક ભરવા માટે http://gpsc-ojas.gujarat.gov.in વેબસાઇટ પર જવાનું રહેશે.
૨. વેબસાઇટ પર call letter/form સેક્શનમાં જઇ main exam call letter/ form પર ક્લિક કરવાનું રહેશે. ત્યાર બાદ select job માં તમારી જાહેરાત પસંદ કરી કન્ફર્મેશન નંબર અને date of birth insert કરવાના રહેશે અને ok બટન પર ક્લીક કરવાનું રહેશે.
૩. આમ કરવાથી પ્રાથમિક પરીક્ષાના અરજીપત્રકમાં ભરેલ માહિતી જોવા મળશે.
૪. ઉપરોક્ત કાર્યવાહી પૂર્ણ કરીને ઉમેદવારે save અને lock બટન પર ક્લીક કરવાનું રહેશે અને અરજી submit કરવાની રહેશે.
૫. ઉપરોક્ત કાર્યવાહી પૂર્ણ કર્યેથી ઉમેદવારની માહિતી save થઇ જશે. પાછળથી તેમાં સુધારો થઇ શકશે નહી.
૬. Save અને lock કર્યેથી ઉમેદવારના મોબાઇલ નંબર પર "https://gpsc-iass.gujarat.gov.in" પર ડોક્યુમેન્ટ અપલોડ કરવાનો મેસેજ આવશે.
૭. ઉમેદવાર જો અનામત કક્ષાનો હશે તો print main exam form તથા upload documents online tab દેખાશે. Upload documents online પર ક્લીક કરીને પોતાના ડોક્યુમેન્ટ અચૂક અપલોડ કરવાના રહેશે. જો ઉમેદવાર બિનઅનામત(General) કક્ષાનો હશે તો ફી ભરી પોતાના ડોક્યુમેન્ટ અચૂક અપલોડ કરવાના રહેશે.

૮. બિનઅનામત (General) કક્ષાના ઉમેદવારોએ રૂ.૨૦૦/- ફી ભરવાની રહેશે તેઓ ઓનલાઇન/પોસ્ટ ઓફિસમાં ફીની ચૂકવણી કરી શકશે. બિનઅનામત (General) કક્ષાના ઉમેદવારો **ઓનલાઇન ફી તા.૧૯/૦૭/૨૦૨૬, ૨૩.૫૯ કલાક અને પોસ્ટ ઓફિસમાં તા.૧૯/૦૭/૨૦૨૬ ના રોજ કચેરી સમય સુધી ભરી શકશે.**જો ઉમેદવારે ફીની ચૂકવણી કરી હોય અને ફીના નાણા બેંક માંથી કપાયેલ હોય અને તેની પહોંચ ન મળી હોય તો ઉમેદવારે Help/Query માં check your payment status પર ક્લીક કરીને જાણી શકશે.

૯. ડોક્યૂમેન્ટ અપલોડ કરવાની વિગતવાર સૂચનાઓ https://gpsc-iass.gujarat.gov.in પોર્ટલના home page પર મુદ્દા નંબર ૬ પર click here to view guidelines for uploading application scrutiny documents શિર્ષક હેઠળ દર્શાવેલ છે. જે ઉમેદવારોએ ડોક્યુમેન્ટ્સ અપલોડ કરતા પહેલા ખાસ જોઇ લેવાની રહેશે.

૩) ઉપરોક્ત સૂચનાઓ અનુસાર **તા.૧૮/૦૭/૨૦૨૬, ૨૩:૫૯ કલાક** સુધીમાં Online અરજીપત્રકો ભરનાર **તેમજ તા.૧૮/૦૭/૨૦૨૬, ૨૩:૫૯ કલાક** સુધીમાં અરજીપત્રક તેમજ દસ્તાવેજો https://gpsc-iass.gujarat.gov.in પર અપલોડ કરેલ હશે તેવા ઉમેદવારો જ મુખ્ય પરીક્ષા(લેખિત) નાં call letter ડાઉનલોડ કરી શકશે અને તેવા ઉમેદવારો જ મુખ્ય લેખિત પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે.

## ♦ મુખ્ય લેખિત પરીક્ષાના અરજીપત્રક સાથે અપલોડ કરવાનાં પ્રમાણપત્રોની યાદી ♦

**(૧)** ઉમેદવારે ઓનલાઇન ભરેલ mains application form(**મુખ્ય પરીક્ષાનુ ફોર્મ કે જેમાં રોલ નંબર દર્શાવેલ છે**) ડાઉનલોડ કરી તેની પ્રિન્ટ લઇ, તેમાં ફોટોગ્રાફ ચોંટાડી અને સહી કરી, જરૂરી વિગતો ભરી સ્કેન કરી જરૂરી પ્રમાણપત્રો સાથે Online Upload કરવાનું રહેશે.

**(૨)** જન્મ તારીખના પુરાવા માટે SSCEનું પ્રમાણપત્ર (ધોરણ ૧૦ની માર્કશીટ અથવા ક્રેડીટ સર્ટીફીકેટ બેમાંથી એક કે જેમાં જન્મ-તારીખ દર્શાવેલ હોય તે જ અપલોડ કરવાનુ રહેશે. જન્મ તારીખનો દાખલો કે શાળા છોડયાનું પ્રમાણપત્ર ઉંમરના પુરાવા માટે માન્ય ગણાશે નહીં).

**(૩)** મુખ્ય લેખિત પરીક્ષા માટે ફોર્મ ભરવાની છેલ્લી **તા.૧૮/૦૭/૨૦૨૬** સુધીમં ઇસ્યુ કરાયેલ સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જાતિનું પ્રમાણપત્ર(અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે).

**(૪)** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે મૂળ જાહેરાતના ફકરા નં.૯(૬)(અ) અને (૬)(બ) મુજબ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ***નિયત ગુજરાતી નમૂના(પરિશિષ્ટ-૪/ક)(નમૂનો જોવા માટે નીચેની લિંક પર ક્લિક કરો.) નુ તા.૦૧/૦૪/૨૦૨૪ થી મુખ્ય પરીક્ષા માટે ફોર્મ ભરવાની છેલ્લી તા.૧૮/૦૭/૨૦૨૬*** દરમિયાન ઇસ્યુ થયેલ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેનું પ્રમાણપત્ર'(NCLC). https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/2019-9-3_576.pdf

**(૫)** આર્થિક રીતે નબળા વર્ગો(EWS)ના ઉમેદવારોએ મૂળ જાહેરાતના ફકરા નં.૯(૭) મુજબ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧ /૨૦૧૯ના ઠરાવ ક્રમાંક : એ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી ***નિયત થયેલ નમૂના(અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)(નમૂનો જોવા માટે નીચેની લિંક પર ક્લિક કરો.)માં તા.૧૯/૦૭/૨૦૨૩ થી મુખ્ય પરીક્ષા માટે ફોર્મ ભરવાની છેલ્લી તા.૧૮/૦૭/૨૦૨૬*** દરમિયાન ઇસ્યુ થયેલ પ્રમાણપત્ર. https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/2019-9-3_655.pdf

**નોંધ**: જો કોઇ ઉમેદવાર બિન અનામત સિવાયની કેટેગરીમાં અરજી કરેલ હશે પરંતુ આયોગ દ્વારા માંગણી થયા બાદ પણ જરૂરી પ્રમાણપત્રો રજૂ કરી શકે નહીં તે સંજોગોમાં અનામત કેટેગરીના ઉમેદવાર તરીકે કોઇ પણ છૂટછાટ લીધેલ ન હોવાની શરતે તે જો બિન અનામત કક્ષાની મેરીટમાં આવતો હોય તો પ્રસ્તુત જાહેરાતમાં ભરતી પ્રક્રિયાના કોઇ પણ તબક્કે ઉમેદવારને બિન અનામત ગણવામાં આવી શકે છે. પરંતુ કોઇપણ ઉમેદવારે જો બિન અનામત તરીકે અરજી કરેલ હશે તો તેની કેટેગરી અરજી ચકાસણી કે અન્ય કોઇ તબક્કે બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

**(૬)** આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૫/૧૨/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંકઃ HFWD/MSME/e-file/7/2024/1833/A થી દિવ્યાંગ ઉમેદવારો માટે દિવ્યાંગતા પ્રમાણપત્ર અંગે ભારત સરકારના તા.૧૫/૦૬/૨૦૧૭થી પ્રસિદ્ધ કરવામાં આવેલ The Rights of Persons With Disabilities Rules, 2017 ના Chapter-VII(Certificate of Disability) અનુસાર નિયત કરવામાં આવેલ(Form-V, VI,VII) "દિવ્યાંગતા પ્રમાણપત્ર"ને માન્ય રાખવામાં આવશે અને પ્રસ્તુત દિવ્યાંગતા પ્રમાણપત્ર મેળવવા માટે અરજદારે Chapter-VII(Certificate of Disability) ના (Form-IV) મુજબ અરજી કરવાની રહેશે. આથી, હવે આ પ્રકારનુ દિવ્યાંગતા પ્રમાણપત્ર જ માન્ય રાખવામાં આવશે. જે પરિપત્ર માટે આ લિંક પર ક્લિક કરો https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/PwD_Disability_Certificate_15122025c.pdf જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં. (૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્ર. સીઆરઆર-૧૦૨૦૦૦-જી.ઓ.આઇ.૭-ગ.૨ તથા તા.૧૭/૦૯/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨ની જોગવાઇ મુજબ બેંચમાર્ક દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેમને જ દિવ્યાંગતાના લાભો મળવાપાત્ર રહેશે.

**(૭)** સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૮–૧૧–૮૯ના પરિપત્ર ક્રમાંક: એફઓએ– ૧૦૮૮–૩૯૪૦–ગ.૨થી નિયત કરવામાં આવેલ નમૂનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ "ના વાંધા પ્રમાણપત્ર". અને કેન્દ્ર સરકાર, અન્ય કોઈપણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ(Local Self-Government Institutions), સહકારી સંસ્થાઓ(Co-Operative Institutions/bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee) ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના–વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

**અગાઉ અરજી કરતા સમયે ઉપર્યુક્ત જગાઓમાં ફરજ બજાવતા ન હોય, પરંતુ હાલ જો ફરજ બજાવતા હોય તો પણ 'ના–વાંધા પ્રમાણપત્ર' અવશ્ય અપલોડ કરવાનુ રહેશે.**

**(૮)** માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં ડિસ્ચાર્જ બુક. જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના–વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

**(૯)** અટક અથવા નામમાં ફેરફાર કરાવેલ હોય તો ગેઝેટ કોપી/ લગ્ન નોંધણી પ્રમાણપત્ર.

**(૧૦)** વિધવા મહિલા ઉમેદવારોના કિસ્સામાં પુન: લગ્ન ન કર્યા અંગેનું સોગંદનામું અને સક્ષમ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ વિધવા હોવા અંગેનુ પ્રમાણપત્ર.

**(૧૧)** અરજીપત્રકમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતનાં ગુણપત્રક(છેલ્લું વર્ષ/છેલ્લા–૨ સેમેસ્ટરના ગુણપત્રક. છેલ્લા સેમેસ્ટરમાં અથવા તે સમયે અન્ય સેમેસ્ટરમાં બેકલોગ હોય તો છેલ્લે પાસ કરેલ સેમેસ્ટરની બેકલોગ વગરની માર્કશીટ પણ અપલોડ કરવી. એક કરતા વધુ mark sheets હોયતો તમામને સ્કેન કરી મર્જ કરી સિંગલ pdf બનાવવી અને તે pdf અપલોડ કરવી.)

**(૧૨) ભરતી નિયમો અને જાહેરાતની જોગવાઇ મુજબ** Possess a Master's degree in Journalism and Mass Communication/Mass Communication and Journalism/Development Communication/Communication Studies/Journalism/Mass Communication obtained from any of the Universities or institutions established or incorporated by or under the Central or a State Act in India; or any other Educational Institutions recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act. પૈકી ઉમેદવારે અરજીપત્રકમાં જે શૈક્ષણિક લાયકાત દર્શાવેલ હોય તેનું પદવી પ્રમાણપત્ર Graduation Degree Certificate Section માં અપલોડ કરવાનું રહેશે.

**(૧૩)** વિદેશની યુનિવર્સિટીમાંથી પદવી મેળવેલ હોય તો તેની માન્યતા અંગેના પુરાવો.(other certificate module માં અપલોડ કરવું)

**(૧૪)** જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો/પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.(other certificate module માં અપલોડ કરવું)

**(૧૫)** જાહેરાતની જોગવાઈઓના અનુસંધાનમાં લાગુ પડતા અન્ય આધાર પુરાવા/પ્રમાણપત્રો કે રજૂઆત other certificate module માં અપલોડ કરવાના રહેશે.

## ખાસ સૂચના :–

- અરજી સાથે ઉપર દર્શાવેલ પ્રમાણપત્રો પૈકી લાગુ પડતા હોય તેવા જ પ્રમાણપત્રો/પુરાવા PDF, JPEG, JPG કે PNG ફોર્મેટમાં અપલોડ કરવાના રહેશે. લાગૂ પડતા ન હોય તેવા પ્રમાણપત્રો/પુરાવા સામેલ કરવાના રહેશે નહીં. **ઉમેદવારે અસલ(Original) પ્રમાણપત્રો જ સ્કેન કરી અપલોડ કરવાના રહેશે. જો કોઈ કારણસર અસલ ઉપલબ્ધ ન હોય તો અસલની જગ્યાએ ઝેરોક્ષ/નકલ હશે તો ઉમેદવારે સ્વયં પ્રમાણિત(Self-attested) કરીને અપલોડ કરવાના રહેશે.** ઉમેદવાર દ્વારા મોકલવામાં Physical/offline અરજીપત્રક અને પ્રમાણપત્રોની ચકાસણી કરવામાં આવશે નહીં.
- જો પ્રમાણપત્રો અપલોડ કરવાના સંબધિત module માં એક કરતાં વધારે પ્રમાણપત્રો અપલોડ કરવાનાં થતા હોય તો તમામને સ્કેન કરી Merge કરી એક PDF બનાવી અપલોડ કરવી.
- જરૂરી પ્રમાણપત્રોના નમૂના આયોગની વેબસાઇટ "https://gpsc.gujarat.gov.in/Download" Download સેક્શનમાં જોવા.
- મુખ્ય પરિક્ષાનું ફોર્મ, ફી ભર્યે અને પ્રમાણપત્રો અપલોડ કર્યેથી મળતાં SMS system generated હોય છે, જે એક વધારાની સવલત છે. પરંતુ, પ્રમાણપત્રો અપલોડ કરવાનાં પુરાવા રૂપે ઉમેદવારે : E-Receipt of uploaded Document" સાચવવાની રહેશે.

| મુખ્ય લેખિત પરીક્ષાનું ફોર્મ ભરવા તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ, સમય અને વેબસાઇટ |
| --- |
| **તા.૧૮/૦૭/૨૦૨૬, ૨૩:૫૯ કલાક સુધી**<br>મુખ્ય લેખિત પરીક્ષાનું ફોર્મ ભરવાની વેબસાઇટ https://gpsc-ojas.gujarat.gov.in<br>પ્રમાણપત્રો અપલોડ કરવાની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in |

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

તા.૩૦/૦૬/૨૦૨૬